રજુ તારીખ – ૦૫/૦૩/૨૦૨૬
દાખલ તારીખ– ૦૫/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ – ૨૭/૦૩/૨૦૨૬
અવધિ – <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૦ ૨૨

**આંક– ૬**

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૨૫/૨૦૨૬**

---

**અરજદાર – આકાશભાઈ દિપકભાઈ ચુડાસમા,**
ઉ.વ.૨૫, ધંધો–મજુરી,
ઠે. વડવા, ચાવડી ગેટ,
રે. ભાવનગર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી કે.એમ.મકવાણા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી જી.પી.જાડેજા.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) આ કામના અરજદાર/આરોપી તર્ફે નિલમબાગ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૬૦૦૮૭/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર

થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુન્હામાં કોઇ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે સદર ગુન્હામાં સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી કે મુદ્દામાલ અંગે અરજદાર/આરોપી કશુ જાણતા નથી. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવારની જવાબદારી છે. જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો તેમનો પરિવાર વેરવિખેર થઇ જાય તેમ છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી-ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી સામે અગાઉ બે ગુન્હા નોંધાયેલ છે. તેમજ નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. તેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી સામે પ્રોહી. એકટની કલમ-૬૫(ઈ) મુજબના ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપી સામે અગાઉ આ જ પ્રકારના ચાર ગુન્હા નોંધાયેલ છે. તેમજ અરજદાર/આરોપી આ પ્રકારના ગુન્હા કરવાની ટેવવાળા છે. જો જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરી આ પ્રકારના ગુન્હા કરશે. તેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત નહીં કરવા રજુઆત કરેલ છે.

(૫) અરજી હકીકત વંચાણે લીધી. આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલ ધ્યાને લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક-૦૩ થી રજુ દસ્તાવેજો ધ્યાને લીધા. તેમજ આંક-૦૫ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર/આરોપી સામે નિલમબાગ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી.

નં.૧૧૧૯૮૦૦૧૨૬૦૦૮૭/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ-૬૫(ઇ) મુજબના ગુન્હાના આક્ષેપો છે. આ કામે ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ જાહેર જગ્યામાં ગેરકાયદેસર વગર પાસ પરમીટે દેશી દારુ લીટર-૪૦ કિંમત રૂા.૮૦૦૦/- નો પ્રોહી. મુદ્દામાલ પોતાના કબજા ભોગવટામાં રાખી, રેઇડ દરમિયાન હાજર મળી આવેલ હોવાના આક્ષેપો છે. પરંતુ, આ કામના અરજદાર/આરોપી સામેનો ગુન્હો મૃત્યુ કે આજીવન કેદની સજાને પાત્ર નથી. સદરહું ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી. મેજી. ફ.ક. કોર્ટને રહેલી છે. અરજદાર/આરોપી સામેના ગુન્હાની તપાસ પૂર્ણ થયા બાદ કેસની ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. આ સંજોગોમાં, હાલના અરજદાર/આરોપીને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેઓને પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. વધુમાં, અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે અને અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. તેમજ અરજદાર/આરોપી કયાંય નાસી-ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાંઇ શરતો ફરમાવશે તેનું પાલન કરવાની બાંહેધરી આપી, ટ્રાયલ સમય હાજર રહેવાની ખાત્રી આપતા હોય અને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જે ભયસ્થાનો દર્શાવેલ છે તે અંગે હાલના કામે યોગ્ય શરતો લાદીને તે નિવારી શકાય તેમ હોય, તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ તથા અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઇ તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના કામે અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપી આકાશભાઈ દિપકભાઈ ચુડાસમા, ઠે. વડવા, ચાવડી ગેટ, રે. ભાવનગરવાળાને નિલમબાગ પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૧૨૬૦૦૮૭/૨૦૨૬ થી નોંધાયેલ પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રુપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે સીધી કે આડકતરી રીતે ચેડા કરવા નહીં કે સાક્ષીઓને ધાક ધમકી, પ્રલોભન કે લાલચ આપવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું તથા મોબાઈલ નંબર રજુ કરવા અને ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર સરનામું બદલવું નહીં.

(૪) અરજદાર/આરોપી પાસે જો પાસપોર્ટ હોય તો તેઓએ અસલ પાસપોર્ટ સંબંધિત ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ન હોય તો સોગંદનામાથી અદાલતમાં જાહેર કરવું.

(૫) અરજદાર/આરોપીએ આ પ્રકારના કોઈપણ ગુન્હાહિત કૃત્યમાં પોતાની જાતને સંડોવવી નહીં.

(૬) અરજદાર/આરોપીએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ થતાં સુધી દર મહિનાની પહેલી અને પંદરમી તારીખે સવારના કલાક ૧૧–૦૦ થી બપોરના કલાક ૧૪–૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૭) અરજદાર/આરોપી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો તેઓના જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

(૩) અરજદાર/આરોપીએ જામીન ટ્રાયલ કોર્ટમાં રજુ કરવા.

(૪) આ હુકમની યાદી સંબંધિત ટ્રાયલ કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૨૭'મી માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૨૭/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik